| 3 | Ichalkaranji, Maharashtra, India |
| 3 | Halol, Gujarat, India |
| 3 | Singapore, Singapore |
| 3 | Sydney, NSW, Australia |
| 3 | Amalner, Maharashtra, India |
| 3 | Adelaide, SA, Australia |
| 3 | Bhilai, Chhattisgarh, India |
| 3 | West Windsor, NJ, US |
| 3 | Daman, Gujarat, India |
| 3 | Mudhol, Karnataka, India |
| 3 | Pusad, Maharashtra, India |
| 3 | Khirkiya, Madhya Pradesh, India |

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

## B2B સમિતિ

KDO BUSINESS



**ચેરમેન :**
**રાજેશ જી. મોમાયા (ચેન્નઈ)**
Mob.: - 9884149494
Email : rjmomaya@gmail.com

KDO BUSINESS



**વાઈસ ચેરમેન :**
**નિમેષ ધુલ્લા (બરોડા)**
Mob.: - 9375114494
Email : nimesh@imagesoftware.in



**સેક્રેટરી :**
**મનીષ ધરમશી (યવતમાળ)**
Mob.: - 7709461935
Email :



**ટ્રેઝરર :**
**પ્રતિક મોતા (ચેન્નઈ)**
Mob.: - 9884899494
Email :



**કન્વીનર :**
**ચેતન મુનવર**
Mob.: - 9448070194
Email :

### કમિટી મેમ્બર્સ



નિમિત મોમાયા (મુંબઈ)



ગુંજલ લોડાયા (અમદાવાદ)



દેવેશ દંડ (અમદાવાદ)



સેજશ લોડાયા (ઔરંગાબાદ)



યશોધન કારાણી (મુંબઈ)



રાજેશ ધરમશી (અમદાવાદ)



દિવ્યા મોમાયા (વાશી)



# વધતા કોરોના પ્રકોપમાં જાગૃતિ રાખવા જરૂરી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘની એડવાઈઝરી

સર્વે શ્રાવક ભાઈઓ અને શ્રાવિકા બહેનોને સૂચિત કરવું જરૂરી છે કે કોરોના પ્રકોપ ફરીથી પોતાના પગ પૂરા ભારતદેશમાં પ્રસરાવી રહ્યો છે. એટલે જ્યાં જ્યાં સાધુજી સાધ્વીજી મ.સા. વિરાજમાન છે ત્યાં સર્વ ભાઈબહેન વિશેષ ધ્યાન રાખે. તેઓ સાધુ-સાધ્વીજીના પગને ન અડકે. ઓછામાં ઓછી બે ગજની દૂરી બનાવી રાખે. સાધુ-સાધ્વીજીઓના દર્શન કરવા સમયે માસ્ક અવશ્ય ધારણ કરે. પૂજ્ય મહારાજસાહેબો આપણા સંઘની મોંઘેરી મિરાત છે. તેમનું સ્વાસ્થ્ય, તંદુરસ્તી ન જોખમાય એ માટે આપણે સૌએ જાગૃતિ રાખવી જરૂરી છે. એવું સૂચના નોંધ રતનલાલજી વડેરા પ્રમુખ શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા અપાઈ છે.

# શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર સાંતાક્રુઝના જિનાલયનો જિર્ણોધ્ધાર તથા દેવદેવીઓના ઉત્થાપન એવમ ચલ પ્રતિષ્ઠા ૧૦૦૮ અઠ્ઠમ આરાધના

મુંબઈના હાર્દ સમા સાંતાક્રુઝ ઈસ્ટ મધ્યે દેવાધિદેવ ૨૩મા તીર્થપતિ ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન શ્રી કલિકુંડ પાર્શ્વનાથના ત્રિશિખરીય ત્રિજલીય જિનાલયના નવનિર્માણના મહાયજ્ઞના મંડાણ થઈ ચૂક્યા છે. મુંબઈ, કચ્છ તથા ભારતના સંઘો પોતાના યોગદાન આ તીર્થ સમાન જિનાલયના જિર્ણોધ્ધાર માટે વરસાવી રહ્યાં છે.

શ્રી કલિકુંડ જિનાલયનો જિર્ણોધ્ધાર તથા બધા પ્રભુજી દેવદેવીઓના ઉત્થાપન એવમ ચલ પ્રતિષ્ઠા પ્રસંગે ૧૦૦૮ અઠ્ઠમ મુંબઈમાંથી કરાવવાની ભાવનાને પરિપૂર્ણ કરવા સર્વે જિનશાસનના આરાધક તપસ્વીઓને આહવાન છે. અઠ્ઠમ દિન રવિવાર તા.૧૬મે ૨૦૨૧, સોમવાર તા.૧૭મે તથા મંગળવાર તા.૧૮મે ૨૦૨૧. બધા તપસ્વીઓના સામૂહિક પારણા તા.૧૯મે બુધવારના કરાવવામાં આવશે. તપસ્વીઓના અઠમના સામુહિક તપોબળના પ્રભાવે ઉત્થાપનનું તથા નવનિર્માણનું કાર્ય નિર્વિઘ્ન પરિપૂર્ણ થાય તેવી મંગલ ભાવના. આ માટેના ઓનલાઈન ફોર્મ તા.૧૫ એપ્રિલ ૨૦૨૧ સુધીમાં સંપૂર્ણ ભરવાના રહેશે. જેની લીંક છે bit.ly/KalikundAtham

ફોર્મમાં ભરવાની વિગત અટક સાથે સંપૂર્ણ નામ, જે સંઘમાં આરાધના કરતા હોય તે સંઘનું નામ કે નજીકના સંઘનું નામ, ગામ (મૂળ વતન) ઘરનું સરનામું, જન્મતારીખ અને વોટસએપ નંબર વિગેરે દરેક વિગત ભરવી જરૂરી છે. અધૂરી વિગતવાળા ફોર્મ સ્વીકારવામાં નહીં આવે.

સામૂહિક પારણાનો સંપૂર્ણ લાભ માતુશ્રી લક્ષ્મીબેન મેઘજી શેઠિયા પરિવાર ગામ ભુજપુર એવં શ્રીમતી પ્રવીણાબેન અમૃતભાઈ ગડા પરિવાર ગામ માપર. આ સંપૂર્ણ આયોજન નવકારમંત્ર આરાધક નરેન્દ્રભાઈ નંદુના માર્ગદર્શન હેઠળ થશે. વધુ વિગત માટે દેરાસર પેઢી-૦૨૨૬૧૪૪૨૨૨, વિધત ધરોડ-૭૬૬૬૫૮૦૦૦૨, નૂતનબેન હિતેશ વીરા-૯૮૩૩૨૨૦૬૯૬

# શેઠશ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ મુંબઈ દ્વારા કેડીઓ સમાજમાં કિડની રોગો વિષે જાગૃતિ અભિયાન કરાયું

ભારતમાં કિડની નિષ્ફળ થવાના અને જેને ડાયાલીસીસની જરૂર હોય તેવા આશરે ૧ લાખ પંચોતેર હજાર નવા કેસો દર વર્ષે નોંધાય છે. અત્યંત ઝડપી રીતે વધી રહેલું આ ૬ઠા નંબરનું મૃત્યુનું કારણ છે. કિડની રોગોના આટલા મોટા પ્રમાણ છતાં પણ તે વિષયની જાગૃતિ હજી એટલી વ્યાપક નથી. શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ મુંબઈ કેડીઓ સમાજમાં કિડની રોગો વિષે જાગૃતિ લાવવાનો યથાશક્તિ પ્રયાસ કરી રહ્યું છે. ૧૧ માર્ચના વિશ્વ કિડની દિન નિમિત્તે અનંત પેથોલોજી લેબોરેટરી મુલુંડ તથા કાંજુરમાર્ગના તેના કલેક્શન સેંટર પર નિ:શુલ્ક કિડની કાર્યવતા પરીક્ષણનું આયોજન જ્ઞાતિજનો માટે કર્યું હતું. આ જાગૃતિ અભિયાનનો લાભ સારી સંખ્યામાં જ્ઞાતિજનોએ લીધો હતો અને કિડનીના રોગો પ્રત્યે અભિયાનનો હિસ્સો બન્યા હતા. આ ઝુંબેશ શેઠશ્રી નરશીનાથા મેડિકલ ટ્રસ્ટ તથા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા થઈ હતી.

# બોંતેર જિનાલય તીર્થના રજત મહોત્સવ વર્ષગાંઠ પ્રસંગે તીર્થના આંગણે સમૂહ વર્ષીતપ ઈક્ષુ રસ પારણા મહોત્સવ

શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટ તથા શ્રી આર્ય કલ્યાણ જૈન ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે બોંતેર જિનાલય તીર્થના રજત વર્ષગાંઠ પ્રસંગે તીર્થના આંગણે સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણ મહોત્સવ તા.૧૪ મે ૨૦૨૧ શુક્રવાર અખાત્રીજના દિવસે ચતુર્વિધ સંઘના વર્ષીતપના પારણાનું સમૂહ આયોજન અજોડ શાસન પ્રભાવક સળગ ૧૯મા વર્ષીતપના તપસ્વી રત્ન પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની શ્રેયસ કરી નિશ્રામાં કચ્છ બોંતેર જિનાલય મધ્યે યોજવામાં આવેલ છે. જેમાં જોડાવા ઈચ્છુક ભાગ્યશાળી તપસ્વી આરાધકોએ અગાઉ આવેલ જાહેરાત મુજબ ફોર્મ ભરીને પોતાના નામ વેળાસર લખાવવા.

કોરોનાની પરિસ્થિતિને અનુલક્ષીને તપસ્વી સાથે એક વ્યક્તિને આવવાનું રહેશે તથા તે સમયની સરકારી માર્ગદર્શિકાના નિયમો મુજબનું આયોજન સર્વે તપસ્વીઓને બંધન કર્તા રહેશે. સ્થાનિક કાર્યકર્તાઓને વાદવિવાદ વગર સહકાર આપવું અનિવાર્ય છે જેની નોંધ લેવા વિનંતી.

# મહારાષ્ટ્ર પ્રાંતના સાંગલી સંઘમાં સુપાર્શ્વનાથ જિનાલયની ૪થી વર્ષગાંઠ નિમિતે ધ્વજારોહણ કાર્યક્રમ રંગેચંગે સંપન્ન થયો





તા. ૯ માર્ચ મંગળવાર રોજ મહારાષ્ટ્ર પ્રાંતના સાંગલી સંઘના સુપાર્શ્વનાથ જિનાલયની ૪ થી વર્ષગાંઠે ધ્વજારોહણ કાર્યક્રમ રંગેચંગે સંપન્ન થયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓથી ધર્મમય માહોલ થયો હતો. સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભેર સહભાગથી સૌ ધન્ય ધન્ય થયા હતા.

# રંગપુર ક.દ.ઓ.જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટમાં અન્નસેવાનો લાભ પામો

હાલાર પ્રાંતના શ્રી રંગપુર કચ્છી દશા ઓસવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટના રંગપુર ભોજનાલય અતિથિઓ માટે અન્ન સેવાનો લાભ આપે છે. જેમાં દરરોજ સવારના ૭.૩૦ થી દિવસ આથમ્યા સુધીના મેનુમાં સવારના ગરમાગરમ દેશી બાજરાના રોટલા, વધારેલા મરચાં, દહીં, ચાય વિગેરે બપોરના ગરમાગરમ રોટલી, શાક, દાલ ભાત, છાશ ગોળ વિગેરે. બપોરના ૩.૩૦ થી ૪ સુધી ચા અને સાંજના દાળ ઢોકળી, મુઠિયા, ઢોકળા, થેપલા, ખીચડી કઢી, રોટલા મોસમ પ્રમાણે શાક વિગેરે સાધર્મિક ભક્તિ તે પણ અમર્યાદિત પેટ ભરીને જમો. દેશી ચોખ્ખું જમણ જમવા પધારો.

રંગપુર ભોજનાલય દાતા પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના કરે છે તથા ટ્રસ્ટ મંડળ સંચાલકોને અભિનંદન આપે છે શ્રી રંગપુર ભોજનાલયનો મોબાઈલ સંપર્ક ૬૩૫૨૫૯૩૧૧૨ છે.

# સુથરી સંઘમાં શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની આંગીનો લાભ તથા અબોલ જીવોને માટે જીવદયા કાર્ય દાતા દ્વારા કરાયું



તા.૧૨ માર્ચ શુક્રવાર રોજે સુથરી સંઘના મૂળનાયક નમોસ્તુભ્યમ પ્રભુ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની આંગી કરાવવાનો લાભ તથા પાંજરાપોળના જનાવરોને મીઠી રાબ આપવાનો લાભ તથા પક્ષીને ચણ તથા કુતરાને રોટલા આપવાનો લાભ લેનાર દાતાશ્રી કીર્તિભાઈ ધનજી કલ્યાણજી ધરમશી સુથરી વાળાના જન્મદિવસની ખુશાલી પ્રસંગે કરાયું. દાતાશ્રીની ખૂબ ખૂબ અનુમોદના.

# ગોરેગામ સંઘમાં અચલગચ્છ નાયકની પધરામણી થઈ

## સાથે તક્તી અનાવરણ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની છબીનું અનાવરણ થયું






તા.૭ માર્ચ રવિવાર રોજ શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં અચલગચ્છનાયક પદે બિરાજમાન થયા બાદ પ્રથમ વાર અચલગચ્છનાયક સંઘ કૌશલ્યાધાર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાની મંગલ પધરામણી થઈ.

શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘના ઉપાશ્રયનું નૂતનીકરણ થયા બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં ચોક તક્તીનું અનાવરણ તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની છબીનું અનાવરણ કરવામાં આવ્યું અને શ્રી સંઘમાં શ્રી નેમિનાથ પ્રભુ સુરક્ષા ચક્ર અભિષેક અનુષ્ઠાન પણ કરવામાં આવ્યું હતું તે સર્વ પ્રસંગોનો લાભ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધન્યતાથી લીધો હતો.

# શાશ્વતા તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજની ગોદમાં શાશ્વત પર્વ શ્રી ચૈત્રી માસની નવપદ ઓળીની સમૂહ આરાધનાનું ભવ્ય આયોજન

શત્રુંજય તીર્થની પાવનધારા પર ચૈત્રી માસની શાશ્વતી ઓળીની આરાધનાનું સમૂહ આયોજન આત્માનંદી પ.પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા., સદાનંદી પ.પૂ. સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન મંગલ શુભનિશ્રામાં કરવામાં આવેલ છે. ઓળી પ્રારંભ શનિવાર તા. ૧૮ એપ્રિલ ચૈત્રી સુદી ૭ જ્યારે ઓળી પૂર્ણાહૂતિ ચૈત્ર સુદ પૂનમ સોમવાર તા. ૨૬ એપ્રિલ. આરાધના કરવા ઈચ્છુક ભાગ્યશાળી આરાધકોએ સાદા કાગળમાં પોતાનું પુરું નામ, મૂળગામ, હાલ વસવાટ, ગામ, ઉંમર તથા સંપર્ક નંબર લખી મો.નં. ૮૬૦૦૬૧૮૪૨૯ ઉપર વોટ્સ એપ કરવા વિનંતી. મર્યાદિત સંખ્યામાં આરાધકો લેવાના હોવાથી વહેલો તે પહેલોના ધોરણે નામ સ્વીકારવામાં આવશે. અચલગચ્છીય સમાચારી પાળતા આરાધકોએ જ પોતાની વિગત મોકલવી. આરાધના સ્થળ શેઠશ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા. વિશેષ વિગત માટે સંપર્ક : રમેશભાઈ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦ તથા રાજવીબેન શાહ-૯૯૨૫૬૯૨૯૯૬

# ગોરેગામ સંઘમાં નવનિર્માણધિન જિનાલયની શિલાન્યાસ વિધિ તથા સ્નાત્ર મહોત્સવ સંપન્ન થયા

તા. ૧૦ માર્ચ બુધવારના દિને પ.પૂ.સાધ્વીશ્રી સમકિતગુણાશ્રીજી મ.સા., પ.પૂ.જિનેશ્વરગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં વિધિકાર કેવલભાઈ સાવલાના સંગાથે ગોરેગામ અચલગચ્છ શ્વે. મૂર્તિપૂજન જૈન સંઘના નવનિર્માણધિન જિનાલયમાં શિલાન્યાસ વિધિ કરવામાં આવી હતી તથા એ નિમિત્તે સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવેલ.





## શ્રી સાંતાક્રુઝ સંઘમાં નમો ઉણ પાર્શ્વનાથ ભાષ્ય જાપનો ૧૦૮મો મણકો યોજાયો

શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ દ્વારા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં નમો ઉણ પાર્શ્વનાથ ભાષ્ય જાપનો ૧૦૮મો મણકો સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભેર સહભાગી સંપન્ન થયો.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની ધાર્મિક સમિતિના અજ્ઞાત દાતા તરફથી એક લાખનું માતબર દાન



આધુનિકતા અપનાવીને પણ ધર્મમય રહેવું એ આપણી સંસ્કૃતિની ધરોહર છે. ધાર્મિક સમિતિના એવા સઘન પ્રયત્નો છે કે દરેક જ્ઞાતિજન શુધ્ધ ધર્મનું શિક્ષણ પામે. જૈન શાસન છે મહાન એ સૂત્રને વરી મુંબઈ મહાજન અંતર્ગત ધાર્મિક સમિતિ દ્વારા ઓનલાઈન ધાર્મિક શિક્ષણનું પ્રસારણ કરાઈ રહ્યું છે. જેનો લાભ ૧૬૦થી વધુ વિદ્યાર્થીઓ લઈ રહ્યાં છે અને ધાર્મિક શિક્ષણ આપનારા આઠ જેટલા શિક્ષકા બહેનો છે. એ સર્વે શિક્ષિકા બહેનોને પુરસ્કાર શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોમાંથી આપવામાં આવે છે.

એક જાગૃત અને ધર્મ આસ્થા ધરાવતા જ્ઞાતિજનએ નામ જાહેર ન કરવાની શરતે રૂપિયા એક લાખનું માતબર દાન શ્રી અનંતનાથજી ટ્રસ્ટને આપ્યું છે. જેનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપતી બહેનોને સેવા પુરસ્કાર આપવામાં આવશે.

સેવાભાવી એવા જાગૃત જ્ઞાતિજન તથા તેમના પરિવાર દ્વારા કરાયેલ અનુદાન અને તેમના ધાર્મિક સંસ્કાર તેમજ આચરણની આપણે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ. દાનવીર દાતાની દિલેરીને સલામ એવા શબ્દો દ્વારા ધાર્મિક સમિતિ કન્વીનર મનોજ લોડાયા-૯૮૩૩૦૩૯૯૮૦ તથા ધાર્મિક સમિતિના સભ્યો ચાંદની લાલકા, અભય ખોદ્દના, વિપુલ લોડાયા, હરીશ ડાઘા, પરેશ ગોસર, રાજેશ લોડાયા તથા હિતેષ મૈશેરી એ દાતાની ભૂરી ભૂરી અનુમોદના કરી હતી.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ્રીતિબેન પ્રદીપ ખોનાને વુમન એન્ટ્રપ્રેન્યુરનો એવોર્ડ એનાયત

ગદગના પ્રીતિબેન પ્રદીપ ખોનાને વિશ્વ મહિલા દિન નિમિતે ગદગ ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની લેડીઝ વિંગ દ્વારા એક્સલેન્સ ઈન હોટેલ ઈન્ડસ્ટ્રીઝ અને વુમન એન્ટ્રપ્રેન્યુર ઓફ ધી યરનો એવોર્ડ એનાયત કરાયો.



## પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. રાજકોટ પધારેલ

પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. તા. ૮ માર્ચ સોમવારના દિને રાજકોટ સંઘમાં પધારેલ હતા. વર્ષા કુંજ, ૪ નારાયણનગર નવો આશ્રમ રોડ, રાજકોટમાં પૂજ્ય સાહેબની પધરામણીની લીધેલ સંઘના શ્રાવક શ્રાવિકાઓમાં ખુશાલીનો માહોલ થયો હતો.



# મહારાષ્ટ્ર પ્રાંતના ધુલિયા સંઘમાં શીતલનાથ જિનાલયના આંગણે વડી દીક્ષા સંપન્ન થઈ

તા.૧૦ માર્ચ બુધવાર રોજે મહારાષ્ટ્ર પ્રાંતના ખાનદેશ વિભાગના ધુલિયા નગરના શ્રી શીતલનાથ જિનાલયના આંગણે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન કોટી નિશ્રામાં તા. ૨૨ ફેબ્રુઆરીના ધરણગામે દીક્ષા ગ્રહણ કરનાર પ.પૂ.પ્રેમરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી શ્રાયિકપૂર્ણાશ્રીજી મ.સા.ની વડી દીક્ષાની વિધી અત્યંત મર્યાદિત સંખ્યાની હાજરીમાં યોજાઈ.





# દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમ મહિલા મંચની નવી કાર્યકારિણીના પદાધિકારીઓ વરાયા

શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન ચેન્નાઈએ દક્ષિણ ભારત કેડીઓ જૈન એકમ મહિલા મંચની નવી ટર્મ ૨૦૨૧ થી ૨૦૨૩ માટે નવી કાર્યકારિણીના પદાધિકારીઓની વરણી કરી જેમાં પ્રમુખ તરીકે ચેતના એ. ડાઘા, ઉપપ્રમુખ પદે પ્રિયંકા ડી. લાલકા, સેક્રેટરી પદે દીપા એ. લાપસીયા, જોઈન્ટ સેક્રેટરી પદે અનુપમા આર. મોમાયા, ટ્રેઝરર તરીકે સોનીયા એલ. અજાણી ઉપરાંત કમિટી મેમ્બર તરીકે દર્શના સી. મુનવર, યાશિકા કે. અજાણી, ભાવના કે. મોતા અને જયશ્રી એ. શાહ તથા એડવાઈઝરી કમિટીના સભ્યો તરીકે સરલાબેન જે. લાપસીયા અને મનોરમાબેન ટી. લોડાયાની વરણી કરાઈ.

## અચલગચ્છ નાયક આચાર્ય પદના ૩૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો

શાસન સમ્રાટ અચલગચ્છ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના પ્રતાપી પટ્ટાલંકાર તપ ચક્રવર્તી અ.ગ.પ.પૂ. આ.ભ.શ્રી મ.સા.ના ગુરૂ બંધું સદા બહાર કચ્છગચ્છની ઉન્નતિ માટે સદા કાર્યરત જીવ માત્ર પ્રત્યે હૃદયમાં કરૂણા વહેતી અવિરત પ્રભુ મહાવીરનો સંદેશ પ્રત્યેક પ્રદેશમાં ફેલાવતા. સંઘ સમાજને ધર્મ રસિક બનાવવા મથતા અચલગચ્છની ઉજળી પાટ પરંપરાના ૭૮મા પાટે બિરાજતા એવા અચલગચ્છ નાયક સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. મહાવદ ૧૨ મંગળવાર તા. ૯ માર્ચના શુભને આચાર્ય પદના ૩૪મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગને ચતુર્વિધ સંઘના સૌ શ્રાવક શ્રાવિકાઓ પૂજ્યશ્રીને અંતરના અહોભાવથી શુભકામના આપી સ્વસ્થ નિરામય રહી દીર્ઘ સમય સુધી કરતાં રહે શાસન પ્રભાવના એવી અંતરકામના દર્શાવી હતી.

## સમગ્ર અચલગચ્છ જૈન સંઘોનું સ્નેહમિલન ૧૪ એપ્રિલએ માટુંગા સંઘમાં

શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના આયોજનથી સમગ્ર અચલગચ્છ જૈન સંઘોનું સ્નેહમિલન તા. ૧૪ એપ્રિલ રવિવારના સવારે ૯ કલાકે સહિત્ય દિવાકર અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ શ્રમણ શ્રમણી વૃંદની નિશ્રામાં માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વે. જૈન સંઘની નારણજી શામજી વાડીમાં યોજાયું છે. જેમાં પદ પ્રદાન મહોત્સવને ભવ્ય બનાવવા દરેક સંઘો સાથે વિચારના અને ચૈત્ર નવપદ આયંબિલ ઓળીની આરાધના સામૂહિક રીતે કરવા કરાવવા માટેનું માર્ગદર્શન કરાશે.

આ સ્નેહ મિલનમાં અચલગચ્છીય સંઘો, મહાજનોના બે પદાધિકારીઓને પધારવાનું ભાવભર્યું આમંત્રણ રતનલાલ દેવચંદજી વડેરા પ્રમુખ શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ દ્વારા અપાયું છે. વર્તમાન મહામારીની વિકટ પરિસ્થિતિમાં કૃપા કરીને બે થી વધુને સંખ્યામાં પધારીને પોતાને અને સૌને ધર્મસંકટમાં મુકશો નહીં આપ સૌનો સમજદારી ભર્યું સહયોગ અને સહકારી માર્ગદર્શન પણ અતિ આવશ્યક છે. પધારેલ સૌને બપોરની સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે. કાર્યક્રમની જીવન પ્રસારણની યુટ્યૂબ લિંક https//www.youtube.com/watch?v=XBv90izlG0I

## ચાલીસગામ સંઘમાં શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક સાનંદ સંપન્ન થયા





તા. ૯ માર્ચ મંગળવાર રોજે શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ચાલીસગામમાં પ.પૂ.મુનિવર શ્રી તીર્થરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી મેઘરકિશત સાગરજી મ.સા. આદિ ઠાણા ૩ ના નિશ્રામાં પ.પૂ.સાધ્વી શ્રી શ્રેયસકરાશ્રીજી મ.સા.ની ૧૩મી દીક્ષા તિથિ નિમિતે ૧૪ દીક્ષા વર્ષમાં પ્રવેશ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં કોવિડ ૧૯ના નિયમોનું પાલન કરી મૂળનાયક શ્રી પદ્મપ્રભ સ્વામિના શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક સાનંદ સંપન્ન થયા.

# જોગેશ્વરી સંઘમાં અચલગચ્છનાયક શ્રીની પધરામણી થઈ




તા.૮ માર્ચ સોમવાર રોજ અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાઓ જોગેશ્વરી સંઘમાં પધારેલ. તેમની નિશ્રામાં સંઘની પાઠશાળાના વિદ્યાર્થીઓએ સુંદર કાર્યક્રમ રજૂ કરેલ હતા. જેને સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ઉત્સાહપૂર્વક માણ્યો હતો અને બાળકોની કલાને બખૂબીથી વધાવ્યો હતો.

# અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. તા. ૨૨ એપ્રિલ ૨૦૨૧ના અચલગચ્છાધિપતિ પદે આરૂઢ થશે

ભગવાનશ્રી મહાવીર સ્વામીના પ્રથમ પટ્ટધર ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામીની ૭૮મા પાટે બિરાજમાન થનાર અચલગચ્છ નાયક, સૂરિમંત્ર પંચ પ્રસ્થા આરાધક સાહિત્ય સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા. ચૈત્ર સુદ ૧૧ ગુરૂવાર તા. ૨૨ એપ્રિલના શુભદિને શ્રી માટુંગા કચ્છી મૂ.પૂ.શ્વેતાંબર જૈન સંઘના આંગણે અચલગચ્છાધિપતિ પદ પર આરૂઢ થશે. એવી જાહેરાત શ્રી સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ પ્રદાન સમિતિના કન્વીનર રવિભાઈ ઠાકરશી સંગોઈ તથા સહકન્વીનર વિરાટભાઈ સેવંતીલાલ શાહ દ્વારા કરાઈ છે.

# અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાની ૩૪મી દિક્ષા તિથિએ ઘાટકોપર સંઘમાં ગુરૂ ગુણગાન કાર્યક્રમ થયો




તા. ૧૦ માર્ચ બુધવારનો દિવસ ઘાટકોપરના જીરાવલ્લા સંઘમાં ઓચ્છવ જેવો રહ્યો. આજના દિવસે અચલગચ્છનાયક શ્રી ૩૪મી દિક્ષા તિથિ હોવાથી અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ઘાટકોપર જીરાવલ્લા સંઘમાં પધારેલ.

આચાર્યશ્રીને તેમના ગુરૂ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીજી કયા સમયે કયા સંજોગોમાં આચાર્ય પદવી અપાઈ તે સમયની ઘટનાઓનું સુંદર વર્ણન પ.પૂ.મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા.એ હુબહુ કરેલ. કોરોનાને ધ્યાનમાં રાખી મર્યાદિત સંખ્યામાં ગુરૂ ગુણગાનનો કાર્યક્રમ અદ્‌ભૂત રીતે યોજાયો.

# ૫૪ રવિવારીય શ્રી ગુણોદય નવકાર જાપ અભિયાનના ૨૭ મણકા આનંદ ઉલ્હાસથી સંપન્ન થયા

૫૪ રવિવારીય શ્રી ગુણોદય નવકાર જાપ અભિયાનની અડધી મંઝિલ પૂર્ણ થઈ એટલે કે ૨૭ મણકા આનંદ ઉલ્હાસથી સંપન્ન થયા. આ અભિયાનમાં જોડાયેલા દરેક તપસ્વી આત્માઓની ખૂબ ખૂબ હાર્દિક અનુમોદના સાથે અંતરના અભિનંદન. આપ સૌના નવકાર જાપ ખૂબ જ સુંદર રીતે થતાં હશે. નવકાર જાપની અનુભૂતિ પણ થતી હશે.

લાખ ઉપરાંત લોકો આ અભિયાનમાં જોડાઈને સામૂહિક પુણ્યાનું બંધી પુણ્ય ઉર્પાજન કરી રહ્યાં છે. દર રવિવારે રાત્રે ૯ કલાકે નવ નવકાર મંત્રના જાપ ગુંજી રહ્યાં છે. કાયા નવકારમય, વચન નવકારમય, મન નવકાર મય, આત્મા નવકારમય, નવકાર મંત્ર જ તારણહાર, નવકાર મંત્ર જ રક્ષણહાર શ્રી નવકાર મંત્ર શરણ મમ. સંપૂર્ણ વિશ્વાસ દૃઢ શ્રધ્ધા અખંડ આસ્થા પૂર્ણ પ્રણિધાનથી કરીએ નવકાર મંત્રનો જાપ.

આગળના મણકાને પણ અંતરના ઉમળકાથી આનંદ અને ઉલ્હાસથી વધાવીએ દરેક રવિવારને નવકાર જાપથી ઉર્જાવાન, પ્રાણવાન, તાકાતવાન, પુણ્યવાન બનાવીએ.

આત્મીય નવકાર જાપના ગ્રુપ લીડરો તથા દરેક તપસ્વી ભાઈ બહેનો વિશ્વ શાંતિ, વિશ્વ કલ્યાણ અને વિશ્વ મંગળની ભાવનાથી આપણું આ જાપ અભિયાન આપ સૌના સહિયારા સાથ સહકાર સેવાથી આગળ ધપી રહ્યું છે. સમૂહની તાકાતનો પરિચય આપ સૌએ કરાવ્યો છે. નવકાર જાપના મહાસાગરમાં આપ સૌની જાપની અંજલિઓ ઉમેરાય છે એની ખુશી છે.

દર રવિવારે ગ્રુપ લીડરોના અભિપ્રાયો, સ્વાનુભૂતિ સંદેશ આપ સૌ એ સાંભળ્યો હશે, નિહાળ્યો હશે. હવેના રવિવારો આ જાપમાં જોડાયેલા દરેક સભ્યોને આવકારે છે. આપ મોકલી શકશો નવકાર જાપ અભિયાન માટે શુભેચ્છા સંદેશ પરિવાર સાથે કરેલા નવકાર જાપનો વિડીયો (ભાષ્ય જાપ). પાંચ વર્ષથી નીચેના બાળક-બાલિકા દ્વારા નવકાર મંત્ર પઠન નવકાર મહામંત્રને યોગ્ય કોઈ સ્ટોરી આપશ્રીને નવકાર મહામંત્રનો થયેલ કોઈ અનુભવ, ચમત્કાર, શ્રી નવકાર મહામંત્રની ટ્યૂન ઉપર કરેલો ડાન્સ ભારત નાટ્યમ નૃત્ય અલગ અલગ ડિઝાઈનમાં લખાયેલ નવકાર મહામંત્રના ફોટાનું કલેક્શન, નવકાર મહામંત્રનો મહિમા બતાવતા કોઈપણ સ્તવન.

તો થઈ જાવ તૈયાર ઓડિયો વિડીયો કોઈપણ ચાલશે. હવેથી દર રવિવારે સમરો મંત્ર ભલો નવકાર. સ્તવન ઉપર નવકાર મંત્રનો મહિમા બતાવતી માહિતી મોકલવામાં આવશે જે જરૂરથી નિહાળજો. આ મેસેજ દરેક ગ્રુપમાં મોકલવી ખાસ ભલામણ સાથે વિનંતી.

માહિતી મોકલવો ભક્તિબેન મોમાયા-૯૪૨૮૭૪૯૪૨૩

## ફુલ ખીલે ગુલશન ગુલશન

લાલકા પરિવાર
માતા - તેજલ
પિતા - આકાશ
ગામ - લાલા
હાલ - ડોંબિવલી (પ)
જન્મ - ૨૯-૦૧-૨૦૨૧



હીર

લોડાયા પરિવાર
માતા - ભક્તિ
પિતા - જીગર
ગામ - નલિયા
હાલ - કલીકટ
જન્મ - ૧૨-૦૨-૨૦૨૧



શ્લોક

# હૈદ્રાબાદ નગરના શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયની ૨૮મી વર્ષગાંઠનો ધ્વજારોહણ મહોત્સવનું આયોજન

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિ નગર ચૈત્ય પુરી હૈદ્રાબાદ સંઘના શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયનો ૨૨૮ વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ મહોત્સવ બુધવાર તા.૧૭ માર્ચ અને તા.૧૮ માર્ચ ગુરૂવારના રાખેલ છે.

પ.પૂ.પ્રવર્તીની મહતરા શ્રી રત્નરેખાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.શ્રી લક્ષલીનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જયસ્મિતાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હસ્તરેખાશ્રીજી મ.સા.ની શુભકારી નિશ્રામાં વિધિવિધાન માટે ચૈતન્ય રત્ન શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ, કયવન, જય-મેઘનંદુ ત્રિપૂટી બંધુ સાથે સંગીતના સૂર રેલાવશે.

તા.૧૭ માર્ચ બુધવારના સવારના ૯ કલાકે શ્રી સિધ્ધિ ચક્રમહાપૂજન બપોરના ૧૨.૩૦ કલાકે સ્વામી વાત્સલ્ય લાભાર્થી માતુશ્રી ચંપાબેન પદમશી ભાણજી મોતા, કચ્છ-જસાપર હાલે મુંબઈ તથા માતુશ્રી દેવકાબેન ટોકરશી લોડાયા હસ્તે શ્રીમતી મધુબેન કીર્તિકુમાર લોડાયા, કચ્છ-રાપરગઢવારી હાલે હૈદ્રાબાદ.

તા.૧૮ માર્ચ ગુરૂવાર સવારના ૮.૩૦ કલાકે શ્રી અઢાર અભિષેક, સતરભેદી પૂજા અને શુભ મુહૂર્તે ધ્વજારોહણ. પૂજા દરમ્યાન પક્ષાલ પૂજન, કેસર પૂજા, પૂષ્પ પૂજા, અખંડ દીપ વગેરેના વાર્ષિક ચઢાવા લેવામાં આવશે. બપોરના ૧૨ થી ૨ સ્વામિ વાત્સલ્ય રાત્રે નયન રમ્ય આંગી રચવામાં આવશે. સંપૂર્ણ કાર્યક્રમના લાભાર્થી માતુશ્રી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર કચ્છ વારાપધ્ધર હાલે હૈદ્રાબાદ.

કાર્યક્રમમાં સકળ સંઘને પધારી ધન્ય લાભ લેવા ટ્રસ્ટીગણ દ્વારા આમંત્રણ છે. મૂળ નાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનની ધ્વજાના લાભાર્થી માતુશ્રી ઝવેરબેન રામજી તેજશી નંદુ પરિવાર મુંબઈ તથા માતુશ્રી ચંપાબેન નરશી વેલજી મોમાયા પરિવાર હૈદ્રાબાદ મૂનિસુવ્રત સ્વામી ભગવાનની ધ્વજા માતુશ્રી વેજબાઈ ખીમજી વિકમશી સોલાપુર, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનજી ધ્વજા શ્રી વિશનજી ટોકરશી નાગડા, મુંબઈ શ્રી રંગમંડપ ઘૂમટની ધ્વજા શ્રી શીવજી વાલજી ગાલા મુંબઈ, શ્રી ઉતર બાજુની ચોકીયારની ધ્વજા શ્રી હંસકુમાર રાયચંદ અશારીયા સાયલા હૈદ્રાબાદ, શ્રી દક્ષિણ બાજુની ચોકીયારની ધ્વજા શ્રી ભાણજીભાઈ રાણા દેઢિયા મુંબઈ, શ્રી પૂર્વ બાજુની ચોકીયારની ધ્વજા માતુશ્રી આસબાઈ ભાણજી મૂળજી ગડા હૈદ્રાબાદ, શ્રી સીમંધર સ્વામી ભગવાનની ધ્વજા માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર હૈદ્રાબાદ હ. શ્રીમતી કુસુમબેન સુરેશચંદ્ર ગોસર, શ્રી ગૌતમ સ્વામીની ધ્વજા, શ્રીમતી ઉષાબેન તલકશી નાનજી ગાલા હૈદ્રાબાદ, શ્રી પદ્માવતી માતાની ધ્વજા સ્વ.મંગળાબેન ઝવેરચંદ કારાણી હૈદ્રાબાદ અને શ્રી મહાકાલી માતાની ધ્વજા શ્રીમતી પુષ્પાબેન કેશવલાલ ધનજી સંઘવી હૈદ્રાબાદ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



તારામતી વી. ધરમશી
તા.૭ માર્ચ (ઉ.૮૨)
મંજલ-મસ્જીદ બંદર



માનબાઈ એન. વિકમશી
તા.૮ માર્ચ
જખૌ-મુલુંડ



પ્રિયાબેન વી. મોમાયા
તા.૯ માર્ચ (ઉ.૬૯)
વરાડીયા-મુલુંડ (પૂ)



રેખાબેન ગિરીશ લોડાયા
તા.૯ માર્ચ (ઉ.૬૫)
રવા-વાપી



પ્રફુલ્લ ડી. મૈશેરી
તા.૧૨ માર્ચ (ઉ.૬૯)
સાંધાણ-ગાંધીધામ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભચાઉ તાલુકાના ખારોઈ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક રાજેશ વિનોદરાય પંડ્યા જિલ્લા કક્ષાના રમકડા મેળામાં ''ગાણિતિક યંત્ર'' નામનું રમકડું રજૂ કર્યું. જે રાજ્યકક્ષાએ પસંદગી કરાયું. ગણિતની સામાન્ય ક્રિયાઓ કરવા માટે બાળકો કમ્પ્યુટર, કેલક્યુલેટર, મોબાઈલ જેવા સાધનોનો ઉપયોગ કરે છે. ત્યારે આવા 'ગાણિતિક યંત્ર' નામના રમકડાનો ઉપયોગ કરશે તો બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળશે અને આધુનિક યંત્રોના ઉપયોગથી થતા નુકસાન પણ અટકાવી શકાશે.

● માંડવી તાલુકાના નાની ઉનડોઠ અને રતડિયા ગામ વચ્ચેના સીમાડામાં ૧૦૦ એકર જમીનમાં આગ ફેલાઈ હતી. જમીન પર ઉગેલા ઘાસમાં લાગેલી આગ પવનના સથવારે મોટા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ગામવાસીઓએ હાથે ચડ્યાં સાધન વડે આગને કાબુમાં લેવાના પ્રયત્નો આર્યા. ગામ સરપંચ તાલુકા મામલતદારને વાકેફ કરતાં અગ્નિશમન દળની ટુકડી ધસી આવી હતી. જેની જહેમત બાદ આગમાં આવી હતી.

● શિરવા તાલુકા માંડવીના હરિદાસ પ્રધાન જોઈસર ભાનુશાલી સમાજનો મોટું નામ ધરાવે છે. સમાજ માટે સત્કર્મોમાં તેઓ સદાય મોખરે રહ્યાં. તેમની પ્રપૌત્રી હીર વિપુલ કિશોર જોઈસરની હાવર્ડ યુનિવર્સિટીએ વર્ષ ૨૦૧૯માં બાયોટેકનોલોજી વિભાગમાં સંશોધન માટે પી.એચ.ડી. ડિગ્રી માટે સંપૂર્ણ સ્કોલરશિપ સાથે પસંદગી કરવામાં આવી હતી. જ્યારે આ વર્ષ તેની નાનીબેન માનસી અમેરિકાની એમ.આઈ.ટી. યુનિવર્સિટી ઈલેક્ટ્રીક અને કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં પી.એચ.ડી. કરવા સંપૂર્ણ સ્કોલરશિપ સાથે પ્રવેશ મેળવ્યો છે.

● ભુજ તાલુકાના કોટડા, ચકાર, બંદરા, રેહા પંથકમાં ખેડૂતોએ મોટે પાયે ધાણાનું વાવેતર કર્યું છે. કચ્છી ધાણાની ઊંઝાની બજારમાં ભારે માંગ હોય છે. કોઈપણ રસોઈ ખાદ્ય વાનગીમાં લીલા કે સૂકા ધાણા વગર અધૂરી અને સ્વાદ વગરની લાગે. ધાણા-ધનિયા દાણા મુખવાસમાં અગ્ર મનાય છે. તેનું થોડા વર્ષોથી કચ્છમાં ખેડૂતો મોટે પાયે વાવેતર કરે છે. કચ્છી ધાણા સ્વાદ, સુગંધ અને કદમાં અન્ય કરતાં ચડિયાતા હોય છે. જેથી એની માગ વધી રહેતી હોય છે. સવા ત્રણ મહિનામાં તૈયાર થનારા ધાણાની ખેતીને દર સપ્તાહે દવા, પાણી, ખાતર આપવું પડે છે. એકર દીઠ ૨૦ થી ૩૦ મણ ધાણાનો ઉતાર થાય છે.

● ગુજરાત યુવક બોર્ડ દ્વારા તાજેતરમાં ગુજરાત રાજ્ય યુવા એવોર્ડ વિતરણ ગાંધીનગરના વિધાનસભા પ્રાંગણમાં યોજાયું. જેમાં વિતરીત કરાયેલ આઠ એવોર્ડમાં કચ્છ માંડવીની સિક્યોર નેચર સોસાયટીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે રૂા. ૨૧ હજાર, શાલ તથા સન્માનપત્ર આપી વિશિષ્ટ બહુમાન કરાયું. પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિ માટે કાર્ય કરતા સિક્યોર નેચર સોસાયટી દર રવિવારે કચ્છ જિલ્લાના પર્યટક સ્થળો માંડવી વિન્ડ ફાર્મ બીચ, ટપકેશ્વરી વિગેરે જ્યાં પ્લાસ્ટિકનું દૂષણ અધિક છે. જ્યાં કોઈ સફાઈ કરવા જતું નથી ત્યાં સફાઈ કાર્ય કરે છે. સાથે દરિયાઈ જીવો પર રિસર્ચ, વર્કશોપ, ફર્સ્ટ એઈડ વિગેરેની નિઃશુલ્ક ટ્રેનિંગ જેવા કાર્યો કરે છે.

● અયોધ્યાના રામ મંદિર નિર્માણ નિધિમાં સિંધી સમાજે ૨૧૩ ચાંદીની ઈંટ ભેટ આપી હતી. વિશ્વ સિંધી સેવા સંગમ અને સુહિણી સિંધી પુના દ્વારા અયોધ્યામાં ન્યાસ પ્રમુખ ચંપતરાય બંસલને ભાવપૂર્વક અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ સંત મહાત્મા રાજકીય નેતાઓ, દાનવીરો અને સમાજ અગ્રણીઓ હાજર રહ્યાં હતા. હાજર તમામએ અયોધ્યા રામ મંદિરની, સરયૂ નદી હનુમાન ગલી વિગેરેના દર્શન કર્યા હતા.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL